પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૯૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૨-૧૨-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 94 PRICE :-RS. 1.50 DATE : 12-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજ્યમાં આગામી ૪૮ કલાક ભારેઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના વરસાદની સંભાવના

ગાંધીનગર,
હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. જેના પગલે આગામી ૧૨થી ૧૩મી ડિસેમ્બરના રોજ છૂટો-છવાયો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આ દિવસો દરમિયાન સોમનાથ, સુરત, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદમાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના અમુક વિસ્તારોમાં વરસાદ પડશે તેવી આગાહી હવામાન વિભાગ તરફથી આપવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે



ગુજરાતમાં વરસાદી માહોલ બન્યો છે. જેના કારણે સૌરાષ્ટ્ર, ઉત્તર, દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે (૧૨મી ડિસેમ્બર ૨૦૨૦) દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના મતે આગામી ૪૮ કલાક બાદ ૪ ડિગ્રી તાપમાન ઘટશે. બીજી બાજુ અમદાવાદમાં આજે સામાન્ય વરસાદ અને આવતી કાલે વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાન વિભાગ અમદાવાદના ડાયરેક્ટર ડૉક્ટર જયંત સરકાર જણાવ્યું હતું કે, ૧૧મી તારીખે એટકે કે પ્રથમ દિવસે ગીર-સોમનાથ જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.

બીજા દિવસે એટલે કે ૧૨ તારીખના રોજ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં થોડો વરસાદ પડવાની સંભાવના રહેલી છે. ૧૩મી તારીખના રોજ ભાવનગર, દાહોદ, પંચમહાલ, આણંદ અને વડોદરા જિલ્લામાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે. ગુજરાતમાં રવિવાર સુધી એમ ત્રણ દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના કેટલાક ભાગોમાં આજે વરસાદ પડ્યો છે. આજે સુરતના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ અમદાવાદમાં ભર શિયાળે ચોમાસાનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાનના પલટાની અસર અમદાવાદમાં પણ વર્તાઈ છે અને સવારથી અનેક વિસ્તારોમાં એકાએક કમોસમી વરસાદ પડ્યો હતો. વહેલી સવારે અમદાવાદમાં વરસાદ પડતા વહેલી સવારે દોડવા જતા લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી હતી.

આજે વહેલી સવારે અમદાવાદના ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગુરુકૂળ, સેટેલાઈટ, એસજી હાઈવે, ગાંધીનગર, સરસપુર સહિતના અનેક વિસ્તારોમાં સવારે ૪ વાગ્યાથી એકાએક વાતાવરણ પલટાયું હતું અને ત્યારબાદ ધીમેધારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. આ સિવાય વહેલી સવારે અમદાવાદના વેજલપુર, થલતેજ. એસ.જી. હાઈવે, સીટીએમ, જમાલપુર, કાંકરિયા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. બીજીબાજુ રાજ્યના જૂનાગઢ, ભાવનગર, સુરત, વડોદરા જેવા વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો હતો.

હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે અને ૧૨ ડિસેમ્બર સુધી દક્ષિણ ગુજરાતના ભાગો, સૌરાષ્ટ્રના કિનારાના ભાગો, મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. સાથે ઠંડી પણ ઘટવાની શક્યતા છે. અરબ સાગરમાં ચક્રવાતની અસરથી આ માવઠું થવાની શક્યતા છે. અલબત્ત ચક્રવાતની અસર ગુજરાતના ભાગોમાં ન થાય અને ચક્રવાત સમુદ્રમાં સમાઈ જાય કે ઓમાન તરફ ફંટાઈ જાય એવી પણ શક્યતા છે. રાજ્યના અનેક ભાગોમાં આજે એટલે ગુરુવાર રાત્રિથી હવામાનમાં પલટો આવશે અને ત્રણ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેશે.

ગુજરાતમાં રવિવાર સુધી એમ ત્રણ દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના કેટલાક ભાગોમાં આજે વરસાદ પડ્યો છે. આજે સુરતના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ અમદાવાદમાં ભર શિયાળે ચોમાસાનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાનના પલટાની અસર અમદાવાદમાં પણ વર્તાઈ છે અને સવારથી અનેક વિસ્તારોમાં એકાએક કમોસમી વરસાદ પડ્યો હતો. વહેલી સવારે અમદાવાદમાં વરસાદ પડતા વહેલી સવારે દોડવા જતા લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી હતી. આજે વહેલી સવારે અમદાવાદના ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગુરુકૂળ, સેટેલાઈટ, એસજી હાઈવે, ગાંધીનગર, સરસપુર સહિતના અનેક વિસ્તારોમાં સવારે ૪ વાગ્યાથી એકાએક વાતાવરણ પલટાયું હતું અને ત્યારબાદ ધીમેધારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. આ સિવાય વહેલી સવારે અમદાવાદના વેજલપુર, થલતેજ. એસ.જી. હાઈવે, સીટીએમ, જમાલપુર, કાંકરિયા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો.

## કમોસમી વરસાદઃ કોંગ્રેસે ખેડૂતોને વળતર આપવાની કરી માંગ

આ ઉપરાંત વરસાદને પગલે ખેડૂતોને શિયાળું પાકને પણ નુકસાન થવાની ભીતિ સેવવામાં આવી રહી છે. કમોસમી વરસાદ મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ખેડૂતોને નુકસાન વળતર આપવાની માંગણી કરી છે. અમિત ચાવડાના જણાવ્યા પ્રમાણે કમોસમી વરસાદથી ખેડૂતોને તૈયાર પાક પલળી ગયો છે. મગફળી, ઘઉં, જીરું, ચણા સહિતના ઉત્પાદનમાં નુકસાન થયું છે. આથી સરકાર નુકસાન અંગે સર્વે કરાવીને યોગ્ય વળતરની જાહેરાત કરે તેવી માંગણી અમિત ચાવડાએ કરી છે.

## ડોક્ટરોની હડતાળઃ ગુજરાતના ૨૮ હજારથી વધુ ખાનગી ડોક્ટરો હડતાળમાં જોડાયા

અમદાવાદ,
રાજ્યભરમાં આજે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા હડતાલ કરવામાં આવી છે. રાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા વિરોધ પ્રદર્શનના અનુસંધાનમાં રાજ્યના તબીબો પણ જોડાયા છે. રાજ્યના તબીબો દ્વારા મેડિકલ ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આજે રાજ્યવ્યાપી હડતાલ પાળવામાં આવી છે. આ હડતાલમાં ૨૮૦૦૦ તબીબો જોડાયા. રાજ્યના તમામ




શહેરોમાં તબીબો દ્વારા પોતાની ઓપીડી બંધ રાખી અને એક દિવસ પૂરતો વિરોધ કરવામાં આવ્યો. જોકે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આ હડતાલમાં પણ ઈમર્જન્સી સારવાર અને કોવીડ-૧૯ના દર્દીઓને સારવાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આમ તબીબો પોતાની માનવતા ચુક્યા નથી.

આયુર્વેદિક ડોક્ટરોને ૫૮ જેટલી સર્જરીની મંજુરીના વિરોધમાં સુરત આઈએમએ સાથે જોડાયેલા તબીબો શુક્રવારે ઈમરજન્સી સિવાયના ઓપીડીના કામકાજથી દૂર રહ્યા છે. આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ઈમરજન્સી અને કોરોના વાયરસની સારવાર સિવાયની કામગીરી બંધ રાખીને ૩૫૦૦ જેટલા તબીબો દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવી રહ્યો છે. આયુર્વેદિક મેડિસીનની પ્રેક્ટિસ કરતા એમ.ડી. ડોક્ટરોને ૫૮ જેટલી સર્જરીની કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. તેમાં આયુર્વેદના ડોક્ટરો જનરલ અને ઓર્થોપેડિક સર્જરીની સાથે આંખ, કાન, નાક, ગળુ અને દાંતની પણ સર્જરી કરી શકશે. કેન્દ્ર સરકારના આ જાહેરનામાનો વિરોધ કરવા સુરતના ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સાથે જોડાયેલા તબીબો શુક્રવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા દરમિયાન પોતાના રૂટિન કાર્યથી દૂર રહેશે.તેમજ આ દરમિયાન તમામ ઈમરજન્સી સેવાઓ, કોવિડને લગતી સેવાઓ ચાલુ રાખવામાં આવશે.

રાજકોટ શહેરના ૧૮૦૦ જેટલા તબીબો જોડાયા એક દિવસની હડતાલમાં. સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા સુધી તમામ તબીબો રહેશે હડતાલ પર કેન્દ્ર સરકાર દ્વારા આયુર્વેદિક તબીબોને ઓપરેશન માટે છૂટ આપવામાં આવતા હડતાલ કરવામાં આવી. ઈમરજન્સી અને કોવિડ સિવાયની તમામ તબીબી સેવાથી રહેશે તબીબો અડગ. સરકારના આ નિર્ણય થી એલોપેથી અને આયુર્વેદ બન્નેને નુકશાન થશે.

## ગુજરાત, રાજસ્થાન અને મ.પ્ર.માં ૧૫૦ કરોડનું ઉઠમણું કરનાર શિક્ષક પકડાયો

ગાંધીનગર,
વડોદરા, દાહોદ, ગોધરા અને મોડાસા સહિત જુદા–જુદા જિલ્લા તથા રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં એચવીએન રિયાલીટી એન્ડ એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા સહિત અલગ – અલગ લેભાગુ કંપનીઓ ઉભી કરી રોકાણકારોને ઉંચા વળતરની લાલચ આપી આપી આશરે રૂપિયા ૧૫૦ કરોડથી વધુ ઉઘરાવી લેવાના આતંરાજ્ય કૌભાંડમાં સીઆઈડીની આર્થિક ગુના નિવારણ શાખાએ દાહોદની સરકારી સ્કુલના માસ્ટર માઈન્ડ શિક્ષકની ધરપકડ કરી હતી. પોલીસે આજે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી હતી.

અદાલતે રિમાન્ડ નામંજૂર કરી કૌભાંડી શિક્ષકને વડોદરા સેન્ટ્રલ જેલમાં ધકેલ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, દાહોદના કરાઠ



(લીબડી) ખાતે રહેતાં ગઠિયા પ્રકાશચંદ્ર ઉર્ફે રાજુ પરથેસિંહ ઝાડએ તેના બનેવી અજીતસિંહ ખેડડિયા સહિતના મળતિયા સગા વ્હાલાઓને ડાયરેક્ટ અને એમડી બનાવી સને ૨૦૧૦માં એચવીએન રિયાલીટી એન્ડ એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા લિ. નામની લેભાગુ કંપની શરૂ કરી હતી. આરોપી પ્રકાશચંદ્ર દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે આવેલી મહેલિયા પ્રાથમિક

(અનુ.પાના.નં.૨)


## વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે તબીબોએ કોરોનાનું સંક્રમણ વધવાની ચિંતા વ્યક્ત કરી

ગાંધીનગર,
રાજ્યના વાતાવરણમાં આવેલા પલટાના કારણે તબીબ દ્વારા કોરોનાનું સંક્રમણ વધવાની ચિંતા વ્યક્ત કરી છે. એએમએના પ્રમુખે જણાવ્યુ કે, વાતાવરણમાં આવેલા પલટાના કારણે કોરોનાના કેસમાં વધારો થઈ શકે છે. બે રૂતુના કારણે શરદી અને તાવના કેસમાં વધારો થાય છે. જેથી કોરનાના કેસ પણ વધી શકે છે.

ઠંડી અને વરસાદને લઈને વાયરસ પર દબાણ થતું હોવાથી વાયરસ જમીન તરફ ધકેલાય છે. જમીન તરફ વાયરસ આવવાથી કોરોનાનું સંક્રમણ વધી શકે છે. જેથી એએમએ દ્વારા લોકોને માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે.

## ખેડૂતો આક્રમકઃ અલ્ટીમેટમ પુરૂ, રસ્તાની સાથે રેલ્વે પણ રોકીશું

ન્યુ દિલ્હી,
નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના આંદોલનનો આજે ૧૬મો દિવસ છે. ખેડૂતો અને સરકારની લડાઈ હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ છે. ભારતીય ખેડૂત યૂનિયને ત્રણેય કૃષિ બિલોને શુક્રવારે કોર્ટમાં પડકાર્યા છે. તેમનું કહેવું છે કે આ કાયદાથી ખેડૂતો નબળા બનશે. ખેડૂત નેતા બૂટા સિંહે ગુરુવારે કહ્યું કે, કાયદો રદ કરવા માટે હાલ કોઈ નિર્ણય લેવાયો નથી, એટલા માટે ઝડપથી ટ્રેન અટકાવવાની તારીખ જાહેર કરીશું. ખેડૂત નેતા બલબીર



સિંહ રાજેવાલે કહ્યું કે, ખેતી રાજ્યોનો વિષય છે, તો કેન્દ્ર આની પર કાયદો કેવી રીતે બનાવી શકે. આ બધાની વચ્ચે આંદોલન વેગ પકડી રહ્યું છે. અમૃતસરથી ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિના ખેડૂત ૭૦૦ ટ્રેક્ટર-ટ્રોલીઓમાં દિલ્હીમાં રવાના થયા છે.તો આ તરફ કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે, ખેડૂતોએ વિરોધ બંધ કરીને વાતચીત કરવી જોઈએ, અમે વાતચીત માટે તૈયાર છીએ. ખેડૂતોએ બુધવારે સરકારનો લેખિત પ્રપોઝલ ઠુકરાવી દીધું હતું.આ વિશે કૃષિ મંત્રીએ શુક્રવારે કહ્યું કે, અમને ખેડૂતો પાસેથી કોઈ જવાબ નથી મળ્યો. માત્ર મીડિયા દ્વારા ખબર પડી છે કે તેમણે પ્રપોઝલ ઠુકરાવી દીધો છે. અમે અમારા પ્રપોઝલમાં મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. અમને તેમની તરફથી આગળની વાતચીતનું પ્રપોઝલ નથી મળ્યું. મોદીની અપીલ-મારા મંત્રીઓની વાત જરૂર સાંભળજો ખેડૂતોની માંદ અંગે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને રેલવે મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મોદીએ તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરીને કહ્યું કે, આને જરૂર સાંભળજો. આજે સિયાલદહ-અમૃતસર અને ડિબ્રૂગઢ- અમૃતસર ટ્રેન રદ કરવામાં આવી છે. ૧૩ ડિસેમ્બરે અમૃતસર-સિયાલદહ અને અમૃતસર-ડિબ્રૂગઢ ટ્રેન કેન્સલ કરવામાં આવી છે. ખેડૂત નેતા શિવકુમાર કક્કાને પૂછવામાં આવ્યું કે નિવેડો ક્યારે આવશે તો તેમણે કહ્યું, ભગવાનને ખબર કે ક્યારે આવશે. શિયાળા અને કોરોનાને કારણે અમને ઘણી મુશ્કેલીઓ પડી

(અનુ.પાના.નં.૨)

## ભોલારી એરબેઝ પર પાક-ચીનનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ

નારાયણ સરોવર,
ચીન ફક્ત ભારતના લદાખ અને કાશ્મીરની સરહદ પાસે આક્રમકતા બતાવી રહ્યું નથી, બલકે છેક કચ્છની બોર્ડર પાસે પણ પાકિસ્તાનમાં ચીનની હાજરી ચિંતાજનક છે. કચ્છની સામે પાર પાકિસ્તાનમાં સંખ્યાબંધ ચાઈનીસ કંપનીઓ ધમધમી રહી છે. આ બધાની વચ્ચે બુધવારે સિંધમાં કરાચી નજીક આવેલા પાકિસ્તાની એરફોર્સના ભોલારી એરબેઝ પર પાક અને ચીનની વાયુસેનાએ સંયુક્ત યુદ્ધ કવાયત યોજી હતી. ખાસ વાત એ છે કે આ કવાયતમાં ભાગ લેવા માટે ચીનનાં જંગી જહાજ છેક ભોલારી સુધી આવ્યાં હતાં, જેની તસવીરો અને વિડિયો ખુદ પાકિસ્તાન એરફોર્સ દ્વારા જાહેર કરાયાં છે. આ અંગે મળતી વિગતો મુજબ, ભારતનો મુકાબલો કરવા પાકિસ્તાને ચીનનો હર મોરચે સાથ લેવો પડી રહ્યો છે. તો સામે બાજુ, ચીન પણ ભારત પર દબાણ વધારવા પાકિસ્તાનને તમામ પ્રકારની મદદ કરતું રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પાકિસ્તાનનો બચાવ કરવાની સાથે પાકિસ્તાનને અત્યાધુનિક હથિયારો સપ્લાઈ કરવામાં પણ મદદ કરી રહ્યું છે. પાકિસ્તાન અને ચીન એરફોર્સ વચ્ચે વર્ષ ૨૦૧૧થી શાહીન નામથી યુદ્ધ અભ્યાસ શરૂ થઈ રહ્યો છે. એની નવમી આવૃત્તિ બુધવારે કચ્છની સામે પાર પાકિસ્તાનના સિંધમાં કરાચીની બાજુમાં આવેલા ભોલારી એરબેઝ પર શરૂ થઈ છે.

શરૂઆતમાં આ કવાયત ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. ચીનનાં જંગી હવાઈ જહાજ ભોલારી પહોંચતાં સેટેલાઈટ તસવીરોમાં એ કેદ થયાં હતાં. આંતરરાષ્ટ્રીય ગતિવિધિઓ પર નજર રાખતી એજન્સીઓ પણ કચ્છની સરહદ નજીક ચીનનાં જહાજની હાજરીથી ચોંકી ઊઠી હતી. બુધવારે પાકિસ્તાન અને ચીનની વાયુસેનાઓએ આ

(અનુ.પાના.નં.૨)

## LOC: પાક તરફથી નિયંત્રણરેખા પર ફાયરિંગ, ભારતની જવાબી કાર્યવાહીમાં ૫ સૈનિક ઠાર

ન્યુ દિલ્હી,
પાકિસ્તાન તરફથી નિયંત્રણરેખા પર જોરદાર ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. ગુરુવારે બપોરે શરૂ થયેલો સિલસિલો શુક્રવાર સવાર સુધી ચાલુ રહ્યો હતો. ભારતીય સેનાએ પાકિસ્તાનની આ હરકતનો જડબાતોડ જવાબ આપ્યો હતો. જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના પાંચ સૈનિક ઠાર મરાયા હતા અને ત્રણ સૈનિક ઘાયલ પણ થયા છે. ભારતીય સેનાનાં સૂત્રોના હવાલાથી આ માહિતી આપી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાન તરફથી ગુરુવારે બપોર પછી શરૂ થયેલું ફાયરિંગ શુક્રવારે સવારે પણ ચાલુ હતું. આ દરમિયાન મોટી સંખ્યામાં હથિયારો અને મોર્ટારનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી, જેમાં પાકિસ્તાનના ૫ સૈનિક ઠાર મરાયા હતા. એલઓસીના અમુક ભાગમાં પાકિસ્તાની સેના સતત ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી રહી છે. ગુરુવાર રાતે ફાયરિંગનું કેન્દ્ર જમ્મુ-કાશ્મીરનું પૂંછ સેક્ટર હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મોજરી દુધ ઉત્પાદન સહ મંડળી
મુ. મોજરી, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી આદીવાસી વિકાસ ગ્રાહક ભંડાર
મુ. રતનપુર, તા. મોરવા(હ)

### જાહેરાત

મામલતદાર કચેરી મોરવા (હ) હસ્તકના સરકારી વાહન સુમો ગાડીની હરાજી.
રદબાતલ (કન્ડમ) થયેલ સરકારી વાહનની જાહેર હરાજી રાખેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વાહનનો રજીસ્ટ્રેશન નંબર | અપસેટ પ્રાઇઝ | હરાજી કરનાર અધિકાર | જાહેર હરાજીની તારીખ અને સમય | હરાજીમાં ભાગ લેનારે ભરવાપાત્ર ડીપોઝીટ રકમ | વાહન જોવાનું અને હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | GJ.17.G.1717 | ૨૫,૦૦૦/- | મામલતદાર મોરવા(હ) | ૨૮/૧૨/૨૦૨૦ | ૫,૦૦૦/- | મામલતદાર કચેરી મોરવા(હ) |

(૧) જે વાહનની હરાજી કરવાની છે તે વાહન ઉપર જણાવેલ સ્થળે કચેરીના કામકાજના સમય દરમ્યાન (રજાના દિવસ સિવાય) ૧૨:૦૦ થી ૧૩:૦૦ કલાક વચ્ચે જોઈ શકાશે.
(૨) હરાજીમાં ભાગ પેટે લેવા ઈચ્છતી વ્યક્તિએ ડીપોઝીટ રકમ કોલમ નં.૬ માં દર્શાવેલ વિગતે ડીપોઝીટ પેટે "૮૪૪૩ સીવીલ ડિપોઝીટ" (સીક્યુરીટી ડિપોઝીટ) ૮૪૪૩૦૦૧૦૩૦૦ સદરે જમા કરાવવાની રહેશે. તથા કોલમ નં.૪ માં દર્શાવેલ અધિકારીશ્રીની કચેરી ખાતે તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં જમા કરેલ ચલણની નકલ સાથે હરાજીમાં સ્થળે અચુક ઉપસ્થિત રહેવાનું રહેશે.
(૩) હરાજીની શરતો, હરાજીની કાર્યવાહી વિગેરે તમામ માહિતી કોલમ નં.૪ માં દર્શાવેલ સંબંધિત હરાજી કરનાર અધિકારીશ્રીની કચેરીએથી કામકાજ સમય દરમ્યાન મેળવી શકાશે.
(૪) હરાજી માન્ય રાખવાનો આખરી નિર્ણય મામલતદારશ્રી, મોરવા (હ) નો રહેશે.
સ્થળઃ મોરવા (હ)
તારીખઃ–૦૮/૧૨/૨૦૨૦

**મામલતદાર મોરવા (હ)**

માહિતી/ગોધરા/૩૧૫/૨૦૨૦

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં આજે ૦૫ પોઝિટિવ કેસ




લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૧-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૮૧૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬૮૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્મણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૬૧૨૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૬૪ દર્દી હોમ આઇસોલેશન, ૦૩ દર્દી લુણાવાડા (CCC), ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૯ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# કડાણાના સંઘરી ગ્રામ પંચાયતમાં જુની જર્જરિત આંગણવાડી મંજુરી વગર તોડી પાડી કાટમાળ વેચી દેતા ગ્રામજનોમાં રોષ

દિવડાકોલોની,
કડાણા તાલુકાના સંઘરી ગ્રામ પંચાયતમાં સરકાર દ્વારા નવીન આંગણવાડી મંજુર કરવામાં આવી હતી. જેમાં આંગણવાડી મંજુર થતાં સરપંચ દ્વારા જુની બિસ્માર આંગણવાડી કોઈ પણ મંજુર વગર બારોબાર સરપંચ દ્વારા તોડી બારોબાર કાટમાળનો સોદો કરી જમીનદોસ્ત કરવામાં આવતા ગામના જાગૃત નાગરિકો દ્વારા આ બાબતે સરપંચ સામે વિરોધ વ્યકત કર્યો હતો.

આ બાબતે ચર્ચા કરતા સરપંચે હરાજી માટે સમાચાર પત્રમાં જાહેરાત આપવા તૈયાર થતાં ૧૦ તારીખે હરાજી કરવાની હતી ત્યારે ૧૦ તારીખે જ સરપંચ પંચાયત છોડી રફુચક્કર થઈ જતાં દાળમાં કંઈક કાળુ હોવાનુ સાબિત થયેલ જોવા મળ્યુ હતુ. સમાચાર પત્રમાં સરપંચ દ્વારા જે જાહેરાત આપવામાં આવી હતી તે જાહેરાતનુ સમાચાર પત્રનુ કટિંગ લઈ શહેરાના ગોધરાના વેપારી સંઘરી ગ્રામ પંચાયત પર આવી પહોંચ્યા હતા. જયાં સંઘરી ગ્રામ પંચાયતના સરપંચ ના મળતા વેપારીઓને વીલા મોંઢે પરત ફરવુ પડ્યુ હતુ. ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, સરપંચ દ્વારા આંગણવાડી ધરાશાઈ કરી એમાંથી સારી સારી ઈંટો કાઢી બારોબાર વેચી કટકી કરવામાં આવી હતી. અને આંગણવાડી ૧૦ તારીખ પહેલા ધરાશાયી કરવામાં આવી હતી. જયારે નિયમ મુજબ સમાચાર પત્રમાં જાહેરાત આપ્યા બાદ આંગણવાડી તોડી એના માલ સામાનની હરાજી કરવાની હોય છે.

જયારે સરપંચ દ્વારા ૧૦ તારીખ પહેલા જ આંગણવાડી જમીનદોસ્ત કરી નાંખતા સરપંચની પોલ ગામના જાગૃત નાગરિકોના કારણે ખુલ્લી પડી જતાં સરપંચ હરાજીના દિવસે જ રફુચક્કર થઈ ગયો હતો. આમ આવા ભ્રષ્ટાચાર કરી રહેલા સરપંચને ગ્રામજનોએ ઉઘાડો પાડ્યો પણ અધિકારીઓ દ્વારા આવા ભ્રષ્ટ સરપંચ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે કે કેમ એ જોવાનુ રહ્યુ.

# મતદાર યાદી સુધારણા કામગીરી સમીક્ષા અંગે રોલ ઓબ્ઝર્વર રાજેશ માજુના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ભારતના ચૂંટણી પંચ દ્વારા ૦૧-૦૧-૨૦૨૧ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ મતદાર યાદીમાં નામ નોંધણી, નામ સુધારણા, નામ કમી તેમજ સ્થળ ફેરફાર સહિતની કામગીરીની સમીક્ષા અંગે રોલ ઓબ્ઝર્વર રાજેશ માંજુના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

મતદાર યાદી શુધ્ધતા કાર્યક્રમમાં મતદાર યાદીમાં નામોની નોંધણી કરવી. મતદાર યાદીમાં મતદારોની વિગતોમાં સુધારો કરવા અને અવસાન પામેલ, સ્થળાંતરીત મતદારોના નામ અને મતદાર યાદીમાંથી દુર કરવા, ઓળખકાર્ડમાં રહેલી ભુલો દુર કરવી, મતદરાના કલર ફોટોગ્રાફ્સ મુકવા, ઈમેજ સુધારવી સહિત મતદાર યાદી શુધ્ધતા બાબતે ખાસ ઝુંબેસ રૂપે જેન્ડર રેસીયા અંગે મહીલાઓના ફોર્મ-૬ અંગે ચર્ચા કરી હતી.

નવીન મતદારોએ મતદાર યાદીમાં નામ દાખલ કરવા ફોર્મ નંબર ૦૬, નામ સામે વાંધો લેવા અને રદ કરવા ફોર્મ નંબર ૦૭ તેમજ વિગતમાં સુધારો કરવા ફોર્મ નંબર ૦૮ અને નામ તબદીલ કરવા ૦૮-૦કમાં અરજી કરવા અંગે આગામી તા. ૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર)ના રોજ સવારના ૧૦-૦૦ થી ૫-૦૦ દરમિયાન સમગ્ર રાજય સહિત જિલ્લાકના તમામ વિધાનસભા મતવિભાગમાં પ્રત્યે૧ક મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસર ખાસ સુચના આપવા અપીલ કરી હતી. નાયબ કલેક્ટર અને ડી.ઇ.ઓ નેહા ગુપ્તાએ બેઠકમાં પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર આર. બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, પ્રાંત અધિકારી બાલાસિનોર અને સંતરામપુર, મામલતદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલના વિવિધ પો.મ.ના પાંચ વોન્ટેડ આરોપીઓ ઝડપાયા

ગોધરા,
પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ ગોધરા એ મારામારી ના ગુન્હા માં નાસતા ફરતા વોન્ટેડ આરોપી ને ઝડપી પાડ્યો. પેરોલ ફર્લો સ્કવોડ ગોધરા ના પી.એસ.આઇ. એન.જી.શેખ દ્વારા ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકના મારામારી ના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી ઈરફાન અબ્દુલ મજીદ પાંડવાને બાતમીના આધારે ગોધરા શહેર ના બી.વી.ગાંધી પેટ્રોલપંપ ખાતે થી ઝડપી પાડી વધુ આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે મોરવા હડફ પોલીસ મથકના અપહરણ ના ગુન્હા માં છેલ્લા દોઢ વર્ષ થી નાસતા ફરતા વોન્ટેડ આરોપી સંજય મોહન પટેલ, મોહન અભેસિંહ પટેલ,તેમજ એક મહિલા હાલમાં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કોન્ધ ગામ ખાતે મજૂરી કરતા હોવાની બાતમી મળતાં ત્રણ આરોપીઓને ઝડપી પાડી વધુ કાર્યવાહી અર્થે મોરવા હડફ પોલીસ મથક ખાતે સોંપવાની તજવીજ હાથ ધરી હતી. તેવી રીતે વેજલપુર પોલીસ મથકના પશુ સંરક્ષણ ના ગુન્હા માં નાસતા ફરતા વોન્ટેડ આરોપી જુનેદ સુલેમાન સુખીને ગોધરા પોલીસ ચોકી નં.૧ પાસે ઝડપી પાડી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કાલોલ કસ્બા વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાડતા બે ઈસમોને ઝડપી પાડયા

કાલોલ,
કાલોલ કસ્બા નુરાની ચોકડી પાસે વરલી મટકાનો જુગાર રમાડતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન બે ઈસમોને ૧,૨૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ કસ્બા વિસ્તારમાં આવેલ નુરાની ચોકડી પાસે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમી અને રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેડ કરી હતી. રેડ દરમ્યાન મોઈન ઈદ્રીશભાઇ વાઘેલા, ઈદ્રીશ કાળુભાઈ વાઘેલાને ૧,૨૫૦/-રૂપીયાની રોકડ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતેત કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

(પાન નં.૧ નું ચાલુ)

## ગુજરાત, રાજસ્થાન અને....

શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હોવાથી કંપનીમાં કોઈ હોદ્દો ધરાવી શકતો ન હતો.

જેથી તેણે પત્ની નિર્મલાના નામે એજન્ટ તરીકે કાર્ડ મેળવી લીધું હતું. ત્યારબાદ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે અન્ય આરોપીઓ સાથે મળી એચવીએન રિયાલીટી એન્ડ એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા નામની બીજી કંપની શરૂ કરી હતી. જેની વડોદરા, ગોધરા, દાહોદ અને મોડાસા સહિત રાજ્યના અલગ-અલગ જિલ્લામાં બ્રાંચ અને ઓફિસ શરૂ કરી હતી. તેમજ રાજસ્થાનના બાંસવાડા ખાતે પણ ઉંચા વળતરની જાહેરાતો આપી એજન્ટો ઉભા કર્યા હતા. તે પછી એજન્ટોને રોકાણકારો પાસેથી કેવી રીતે પૈસા ઉઘરાવવા તેની તાલીમ આપી હતી.

## ખેડૂતો આક્રમક: અલ્ટીમેટમ.....

રહી છે, પણ માગ પૂરી ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખીશું. બન્ને પક્ષો એકબીજાની પહેલ કરવાની રાહ જોઈ રહ્યા છે. કૃષિમંત્રીએ કહ્યું હતું કે જ્યારે વાતચીત થઈ રહી છે તો આંદોલનને વધારવાનું એલાન યોગ્ય નથી. તો આ તરફ ખેડૂતોનું કહેવું છે કે વાતચીતનો રસ્તો બંધ નથી કર્યો, સરકારના બીજા પ્રપોઝલ પર વિચારીશું. કેન્દ્રએ ખેડૂતોને સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે કૃષિ કાયદાને પાછા લેવા મુશ્કેલ છે. જો કોઈ ચિંતા છે તો સરકાર વાતચીત અને સુધારા માટે હંમેશાં તૈયાર છે. કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે અમે ખેડૂતો સાથે ઘણી વખત વાતચીત કરી. તેમના દરેક સવાલનો જવાબ લેખિતમાં પણ આપ્યો, પણ ખેડૂત હાલ પણ નિર્ણય નથી લઈ શકતા અને આ ચિંતાની વાત છે. ખેડૂત આંદોલન વચ્ચે સિંધુ બોર્ડર પર ફરજ અદા કરી રહેલા ૨ આઈપીએસ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ ઉપરાંત એક ડીસીપી અને એક એડિશનલ ડીસીપી પણ સંક્રમિત થઈ ગયા છે.

## ભોલારી એરબેઝ પર....

કવાયતને વ્યવહારિક સહયોગને વધારવા અને બંને પક્ષની વાસ્તવિક લડાઈ તાલીમ સ્તરને સુધારવા માટે કરાઇ રહી છે એવો દાવો કર્યો છે. પાકિસ્તાન એરફોર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સ (પીએલએએફ)ની એક ટુકડીએ આ કવાયતમાં ભાગ લીધો છે, જેમાં લડાઇ પાઇલટ, હવાઈ સંરક્ષણ નિયંત્રકો અને તકનિકી ગ્રાઉન્ડ ક્રૂનો સમાવેશ થાય છે. આ કવાયતની શરૂઆતમાં પાક એરફોર્સના ડેપ્યુટી ચીફ ઓફ એર સ્ટાફ (ઓપરેશન) એર વાઇસ માર્શલ વકાસ અહમદ સુલેહરી અને ચીનની વાયુસેનાના સહાયક ચીફ ઓફ સ્ટાફ મેજર જનરલ સન હોંગ હાજર રહ્યા હતા. ચીન કોરોનાથી દુનિયાનું ધ્યાન ભટકાવવા લદાખ સરહદ પર આક્રમક બની રહ્યું છે.

તો બીજી તરફ પાકિસ્તાન હવે ભારતથી કોઇપણ ક્ષેત્રે આગળ વધી શકે એવી સ્થિતિમાં નથી. એને કારણે ચીનનો સાથ લેવા સિવાય એની પાસે કોઇ રસ્તો નથી. આ તરફ ચીન એવું બતાવવા માગે છે કે એની પહોંચ અરુણાચલ પ્રદેશની સરહદથી લઈને પશ્ચિમી છેડે કચ્છ બોર્ડર સુધી છે. પાકિસ્તાન અથવા ચીન સાથે ભારતની અથડામણમાં અહીં પણ ભારતને બે મોરચે લડવું પડે એવુ બતાવાઇ રહ્યું છે, તેથી કચ્છમાં પણ ભારતની સ્થિતિ ખૂબ જ મજબૂત છે છતાં હવે વધારે મજબૂત થવું પડે તેમ છે. ભારતના લશ્કરની ત્રણેય પાંખો બે મોરચે યુદ્ધ લડવા તૈયારીઓ વર્ષોથી કરી રહી છે અને એની તૈયારીઓ હવે પૂર્ણ થઈ ગઈ છે. લશ્કરના વડાઓ અનેક વખત બે મોરચે યુદ્ધ લડવાની સાથે જીતવાની તાકાત ભારત પાસે હોવાનું કહી ચૂક્યા છે. એમાં પણ ભારતીય વાયુસેનામાં રાફેલના સામેલ થવાથી ચીન અને પાકિસ્તાન સામે આપણી તાકાત ખૂબ જ વધી ગઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૧૨-૧૨-૨૦૨૦, શનિવાર, નિજ કારતક વદ-૧૩, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ વિશાખા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૧૯થી અભિજીત-૧૩-૦૨ સુધી, ૮-૩૯થી શુભ ચોઘડીયુ-૯-૫૯ સુધી, ૧૨-૪૧થી ચલ-લાભ-અમૃત-૧૬-૪૩ સુધી, ૧૮-૦૩થી લાભ-૧૯-૪૩ સુધી ૨૧-૨૨ થી શુભ-અમૃત-૨૪-૪૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૨ થી ૯-૦૬ સુધી, ૧૦-૫૩ થી ૧૩-૩૫ સુધી, ૧૪-૨૮થી ૧૫-૨૨ સુધી, ૧૭-૧૦થી ૨૦-૧૬ સુધી |

# મુખ્યમંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ભવ્ય મ્યુઝિયમ બનાવવાનો કર્યો નિર્ણય



ગાંધીનગર,
હવે વિશ્વભરમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવનારા પ્રવાસીઓને ભારતની એકતા અને અખંડિતતાના ભવ્ય વારસા વિશે જાણવાની અમૂલ્ય તક મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવનારા પ્રવાસીઓ દેશના ૫૬૨ દેશી રજવાડાઓના વિલીનિકરણથી એક અખંડ ભારતના નિર્માણની સરદાર સાહેબની ગૌરવવંતી સફળતાથી પણ વાકેફ થશે. અને આ શક્ય બનશે સ્ટેચ્યુ પરિસરમાં બનાવવામાં આવનારા મ્યુઝિયમ થકી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્ટેચ્યુ પરિસરમાં એક ભવ્ય મ્યુઝિયમ બનાવવાનો નિર્ણય કર્યો છે. જેના થકી અહીં આવતા દરેક પ્રવાસીઓ ભારતના ભવ્ય ઈતિહાસની ગાથા વિશે માહિતગાર થઈ શકશે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમા પ્રવાસીઓ દેશી રઝવાડાના ગૌરવવંતા ઈતિહાસની ગાથા અત્યાધુનિક થ્રીડી હોલોગ્રાફી ઓગમેન્ટેડ રિયાલિટી સહિત ઓડિયો વીડિયો કંટ્રોલ લાઈટ સિસ્ટમના આકર્ષણ સાથે માણી શકશે. સ્ટેચ્યુ ખાતે નિર્માણ પામનારા આ મ્યૂઝિયમ માટે દેશભરના તમામ રાજ્યોનો સંપર્ક કરી તેમના રાજ્યોના તત્કાલિન રાજા-રજવાડાઓની વિગતો ભારતમાં વિલિનીકરણના દસ્તાવેજો-બેનમૂન ચીજવસ્તુઓ-ઐતિહાસિક વિરાસતની સંપૂર્ણ વિગતો મેળવી આ મ્યુઝિયમમાં રાખવામાં આવશે. આવનારી પેઢી અને વિશ્વભરના લોકો ભારતના ભવ્ય તેમજ એક્તા અને અખંડિતતાના વારસાથી પરિચિત થાય તે હેતુથી આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં મ્યુઝિયમ બનશે અને એમાં સરદાર પટેલની ગૌરવવંતી સફળતાના ઈતિહાસનું વર્ણન કરવામાં આવશે. કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં મ્યુઝિયમ બનશે એટલે એક અલગ જ વટ હશે. જેમાં ૩ઙ હોલોગ્રાફી, ઓગમેન્ટેડ રિયાલિટી, ઓડિયો-વીડિયો લાઈટ વગેરે જોવા મળશે. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષતાએ ગાંધીનગરમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે દેશની આઝાદી બાદ ૫૬૨ દેશી રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ કરી એક અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યુ તેની ગૌરવવંતી સ્મૃતિ અને ઈતિહાસ આવનારી પેઢીઓ સુધી અકબંધ સચવાઈ રહે તે માટે કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આ ઈતિહાસનો સાક્ષાત્કાર કરાવતું ભવ્ય મ્યૂઝિયમ નિર્માણ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઇ પટેલે ભારતની આઝાદી પછી અખંડ રાષ્ટ્રના સંકલ્પ સાથે નાના-મોટા ૫૬૨ રાજા-રજવાડાઓ સાથે વિવિધ સ્તરે પરામર્શ-ચર્ચાઓ-બેઠકો કરીને ભારતમાં તેના વિલીનીકરણની સફળતા મેળવી તેની ફલશ્રુતિએ આજે ભારત સમગ્ર વિશ્વમાં એક અને અખંડ રાષ્ટ્ર તરીકે ખ્યાતિ પામ્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કેવડીયામાં વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા અને અન્ય પ્રવાસન આકર્ષણ માણવા-નિહાળવા આવતા વિશ્વભરના પ્રવાસીઓ સમક્ષ ભારત વર્ષના દેશી રજવાડાઓની ભવ્યતા તેમજ દેશની અખંડિતતા એકતા માટે તેમણે આપેલા ત્યાગની ભાવના સાથે સરદાર સાહેબના પ્રબળ પુરૂષાર્થની પરિણામકારી ગાથા આ ભવ્ય મ્યૂઝિયમ ઊજાગર કરશે.

## રાજ્યમાં હેલ્મેટનો નવો કાયદો અમલી બનશે

# હેલ્મેટનો નવો નિયમ તારીખ ૦૧-૦૬-૨૦૨૧થી લાગુ થશે



ગાંધીનગર,
ગુજરાતમાં હેલ્મેટનો નવો કાયદો અમલી બનશે, જે અનુસાર આગામી જૂન મહિનાથી જેવું તેવું હેલ્મેટ પહેરીને વાહન ચલાવી શકાશે નહીં, કેન્દ્રના પરિવહન વિભાગ દ્વારા ખાસ પ્રકારનું હેલ્મેટ જ પહેરવાનો આદેશ કર્યો છે. એ જોતાં વાહનચાલકોએ ફરી એકવાર હેલ્મેટ બદલવું પડશે, નહીં તો દંડ ભરવો પડશે. રાજ્યનાં ચાર મોટાં શહેરો અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરતમાં હેલ્મેટનો નવો કાયદો આવશે. નવો કાયદો ૦૧-૦૬-૨૦૨૧ અમલી બનશે. આ માટે વાહનવ્યવહાર કમિશનરની કચેરી દ્વારા પોલીસ મહાનિર્દેશક અને ચારેય શહેરના પોલીસ કમિશનરને ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના .૦. એસઓ ૪૨૫૨ તા.. ૨૬-૧૧-૨૦૨૦ની નકલ મોકલી આપવામાં આવી છે,જે મુજબ આ હુકમથી ટૂ-વ્હીલર વાહનચાલકો માટે હેલ્મેટ સ્ટાન્ડર્ડ માર્ક આઈએસ ૪૧૫૧: ૨૦૧૫ ધરાવતા હોવાની જોગવાઈ કરવામાં આવી છે. આ હુકમનો અમલ ૦૧-૦૬-૨૦૨૧થી કરાવવાનો રહેશે. આ તારીખથી આઇએસ ૪૧૫૧ વગરનું હેલ્મેટ માન્ય નહીં ગણાય. સડક પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયે દેશમાં વધી રહેલી માર્ગ અકસ્માતની ઘટનાઓને ધ્યાને લઈને હવે બાઈક ચલાવવાના નિયમમાં તાજેતરમાં મોટા અને મહત્ત્વના ફેરફાર કર્યા છે.

સરકારે બાઈક રાઈડર્સને માર્ગ અકસ્માતમાંથી બચાવવા માટે કેટલાક નવા નિયમ તૈયાર કર્યા છે. આ અંગે મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેએ એક ગાઈડલાઈન્સ તૈયાર કરી છે. બાઈકચાલકની સાથોસાથ પાછળ બેસનારી કેટલીક વ્યકિત માટે પણ નિયમ તૈયાર કરવામાં આવ્યા છે. સુરક્ષાના પગલાને ધ્યાને લઈને નિયમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જો એનું પાલન નહીં થાય તો ચલણ કપાશે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના ફરોડ ગામે ૬ ફૂટ નો અજગર નીકળ્યો હતો. અજગર દેખાતા ગ્રામજનોમાં ભય નો માહોલ વ્યાપી ગયેલ હતો. ગ્રામજનો દ્વારા વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના સભ્યો ને જાણ કરતા, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ના સભ્યો એ અજગર ને સહી સલામત રેસ્ક્યું કરી ને જંગલમાં છોડવામાં આવ્યો હતો.

## દૈનિક રાશીફળ

તા.૧૨.૧૨.૨૦૨૦ શનિવાર

મેષ(અ,લ,ઈ): અંગત રૂપ સાવચેતી રાખવી પડશે. ભૌતિક સુખ-સાધનોની પ્રાપ્તિ થઈ શકશે. નોકરીમાં અધિકારી આપના મહત્વને સ્વીકાર કરશે.

વૃષભ(બ,વ,ઉ): અટકેલા કામ થશે. નિશ્ચિંતતાથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળશે. આરોગ્ય સંબંધી સમસ્યાનો ઉકેલ મળશે.

મિથુન(ક.છ.ઘ): પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. માન-સન્માનમાં વૃદ્ધિ થશે. ધાર્મિક યાત્રાના યોગ બનશે.

કર્ક(ડ,હ): વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

સિંહ(મ,ટ): કોઈના ભરોસે ન રહેતા પોતાનું કામ પોતે જ કરવું. પાછલા અટકેલા કાર્યોની તરફ ધ્યાન આપીને પ્રયત્ન કરવા પર સારા પરિણામ આવવાની શક્યતા છે.

કન્યા(પ,ઠ,ણ): સંપત્તિ ખરીદવાનો યોગ બનશે. અધ્યયનમાં મન લાગશે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે.

તુલા(ર.ત.): આળસથી બચવું તથા કાર્યો સમય પર કરવાનો પ્રયત્ન કરો. સંતાન તરફથી પ્રસન્નતા રહેશે. સ્વ-વિવેકથી કાર્ય કરવું લાભદાયી રહેશે.

વૃશ્ચિક(ન.ય.): બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું. વેપારમાં ઉન્નતિ થશે. કુટુંબનાં સભ્યોનો સહયોગ મળી શકે છે. કોઈ અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે.

ધન(ભ,ધ,ફ,ઢ): પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્ન કરવો.

મકર(ખ.જ.): નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યાપારમાં મુશ્કેલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ.

કુંભ(ગ,સ,શ,ષ): મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચનો યોગ. વ્યાપાર, પરિવાર સંબંધી કાર્યોનો વિશેષ યોગ. વાહન ખરીદવાની સંભાવના છે.

મીન(દ,ચ,ઝ,થ): વિવાદોથી બચવું. સંતાન પક્ષ, મિત્ર વર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થવાના યોગ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકામાં કમોસમી વરસાદને લઈ ઈંટના ભઠ્ઠાની કાચી ઈંટો ભીંજાતા લાખોનું નુકશાન

ફતેપુરા,

હવામાન ખાતાની આગાહી અનુસાર ફતેપુરા તાલુકામાં ગત રોજ રાત્રિના સમયથી હવામાનમાં અચાનક પલટો થતા વરસાદી માહોલ સર્જાયો હતો.અને રાત્રીના સમયથી કમોસમી વરસાદની શરૂઆત થતા ખેડૂતોમાં કહી ખુશી કહી ગમ જેવો સ્થિતિ સર્જાઇ હતી.જ્યારે ફતેપુરા તાલુકામાં ઈટ ભઠ્ઠા માલિકોની કાચી ઈંટો કમોસમી વરસાદથી ભીંજાય જતાં લાખો રૂપિયાનું નુકસાન પહોંચવા પામ્યું હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી માહિતી અનુસાર ફતેપુરા તાલુકામાં ગતરોજ રાત્રિથી કમોસમી માવઠાનુ આગમન થતાં હાલ રવી સીઝનના ઘઉં,જવ,ચણા,મકાઈ જેવા ખેતીપાકોને ફાયદો થશે તેમ જણાય છે.અને ખેડૂતોને એક પિયત નો ફાયદો થયો છે.જ્યારે તુવરના પાક ને નુકસાન પહોંચવા પામ્યું હોવાનું જાણવા મળે છે. તેમજ જે તુવેરનો પાક તૈયાર થવા આવેલ છે. તે પાકમાં ઈયળો પડવાની સંભાવના વધી જવા પામેલ છે. તેમાં તૈયાર થયેલ તુવેરના પાક કમોસમી વરસાદથી મોટું નુક્સાન ભોગવવાનો વારો ખેડૂતોને આવશે તેમ જણાતા ખેડૂતો ચિંતિત બન્યા છે. જોકે કમોસમી માવઠાથી ખેડૂતોને ખેતી પાકોમાં નુકસાન કરતા ફાયદો વધુ જણાઈ રહ્યો છે. તેમજ પશુઓ માટે રાખવામાં આવેલ સૂકા ઘાસચારા ઉપર વરસાદ પડતા ઘાસચારો બગડવાથી નુકસાન થવાની શક્યતા પણ વધી જવા પામેલ છે. તાલુકામાં અનેક ઈંટ ભઠ્ઠાઓ આવેલ છે.જેમાં હાલ દિવાળી બાદ નવીન ઈંટો બનાવવાની શરૂઆત કરવામાં આવેલ છે.અને ઈંટો પાકી કરવા માટે પૂર્ણ માત્રામાં નહી થતા જે કાચી ઈંટો હતી તેના ઉપર વરસાદ પડતાં લાખો રૂપિયાનું નુકસાન પહોંચવા પામ્યું હોવાનું જાણવા મળે છે. અહીંયા જણાવવું જરૂરી છે કે હાલ વાતાવરણ મા ઠંડક પ્રસરી જવા પામેલ છે તેમજ ઠંડી દિવસે ગરમી તેમજ કમોસમી વરસાદથી પ્રજામાં શરદી,ખાસીનો વાવર પણ વધવાની શક્યતા વધી જવા પામેલ છે. અને વધુ લોકો વાઈરલ ઈન્ફેકશનની બિમારીમાં સપડાય તેવા સંજોગો પણ જણાઈ રહ્યા છે. આમ ફતેપુરા તાલુકામાં કમોસમી વરસાદથી ખેતીમાં એક બાજુ ફાયદો હોય તો બીજી બાજુ નુકસાન પણ થવાની શક્યતા વધી જવા પામેલ છે.

## દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદને લઈ હિલ સ્ટેશન જેવા માહોલ

દાહોદ,

દાહોદ શહેર સહીત જિલ્લામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગઈકાલે સાંજથી શરૂ થયો કમોસમી માવઠું, જિલ્લામાં શનિવારે છૂટા છવાયા અને ઝરમર વરસાદની હવામાન વિભાગની આગાહી, માવઠાને કારણે તાપમાનનો મહત્તમ પારો ગગડી ગયો, હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે દાહોદ શહેર તેમજ તાલુકા મથકના વિસ્તારોમાં શિયાળાના આરંભે જ ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.તેમાં પણ દાહોદ શહેરમાં ગઈકાલ રાતથી જ ઝરમર પરંતુ એકધારો વરસાદ ચાલુ થઈ ગયો છે.તેમજ બપોર બાદ ઠંડા સુસવાટા ભર્યા પવન ફૂંકાવવાના લીધે મહત્તમ તાપમાન ગગડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. હવામાન ખાતાની આગાહી અનુસાર હજી આવતીકાલ એટલે કે શનિવાર ને ૧૨ ડિસેમ્બરના રોજ પણ દાહોદ સહીત આસપાસના વિસ્તારોમાં આવો વરસાદી માહોલ જારી રહેશે.

### તાલુકા મથકોમાં પણ કમોસમી માવઠાના લીધે વરસાદી માહોલ જામ્યું

ખેડૂતોના પાકને નુકશાન થવાની આશંકા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગઈકાલ સાંજથી શરૂ થયેલા કમોસમી માવઠાને લીધે એક તરફ ભરશિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. દાહોદ, લીમખેડા,દેવગઢ બારીયા,ગરબાડા, લીમડી,ઝાલોદ, સુખસર સીંગવડ, સંજેલી, ફતેપુરા સહિતના તાલુકામાં ધીમી ધારે થયેલા કમોસમી માવઠાને લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.જોકે વેસ્ટર્નન ડિસ્ટર્બન્સના કારણે થયેલા વરસાદના પગલે ખેડૂતોના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.જોકે ગઈકાલ સાંજથી શરૂ થયેલા વરસાદના પગલે શહેર સહીત જિલ્લાના બજારોમાં સન્નાટો પ્રસરી ગયો હતો. તેમજ વરસાદી માહોલની વચ્ચે લોકોએ કામ વગર બહાર જવાનું ટાળ્યું હતું.

# ગરબાડા તાલુકા મથક ખાતે બસ સ્ટેશન અને શૌચાલયો જેવી સુવિધાનો અભાવ

ગરબાડા,

ગરબાડા ગામને તાલુકા મથક બન્યાને અંદાજે અઢારથી વીસ વર્ષ જેટલો સમય વિતવા આવ્યો છતાં પણ તાલુકા મથકનુ આ ગામ આજે પણ પાયાની સુવિધાઓથી વંચિત છે. તાલુકા મથક હોવાના કારણે અહિં હજારોની સંખ્યામાં રોજના લોકો આવતા-જતા હોય છે. સ્થાનિક કક્ષાએ જાહેર શૌચાલય નહિ હોવાને કારણે અહિં આવતી પ્રજાને ખાસ કરીને બહેનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી તરફ બસ સ્ટેન્ડની સુવિધાનો પણ અહિંયા સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. અહિંના સ્થાનિક લોકોની વર્ષો જુની માંગણી છે કે, ગામમાં બસ સ્ટેન્ડની સુવિધાઓ ઉપ્લબ્ધ કરાવાય જેથી ગામનો વિકાસ તો થશે જ સાથે સાથે અહિં આવતા મુસાફર પ્રજાને સીઝનમાં બસની રાહ જોઈને ઉભા નહિ રહેવુ પડે. પરંતુ તાલુકો બન્યાના વીસ વર્ષ બાદ પણ અહિંયા જાહેર શૌચાલય અને બસ સ્ટેન્ડની સુવિધાઓ ઉપ્લબ્ધ કરાવવામાં તંત્ર સદંતર નિષ્ફળ બન્યુ છે. અથવા તો સ્થાનિક આગેવાનો અને તંત્રને આ બાબતમાં કોઈ ખાસ રસ ન હોય તેમ લાગી રહ્યુ છે. જે જોતા વિકાસની મોટી મોટી વાતો વચ્ચે ગરબાડાનો વિકાસ ખોરવાઈ ગયો હોય તેવુ લાગી રહ્યુ છે.

એમ.એલ.એ.ગ્રાન્ટ અને લોકફાળો કરી ગામમાં પીકઅપ બસ સ્ટેન્ડ પણ બનાવવામાં આવ્યુ છે. પરંતુ તે વિસ્તારમાં અસહ્ય ટ્રાફિક હોવાના કારણે ના છુટકે તમામ બસો હાલમાં બાયપાસ રામનાથ તળાવ પર થઈને પસાર થાય છે. જો કે અહિંયાથી બસો પસાર થાય તેમાં કોઈને વાંધો નથી પણ બસ સ્ટેન્ડની સુવિધાઓ ઉપ્લબ્ધ થાય તે તાલુકા મથકના ગામ માટે જરૂરી બન્યુ છે. જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં બસ સ્ટેન્ડની સુવિધા ઉપ્લબ્ધ છે. પરંતુ ગરબાડા આજે પણ ત્યાંનુ ત્યાં જ હોય તેમ લાગી રહ્યુ છે. જયારે પીકઅપ સ્ટેન્ડ શોભાના ગાંઠિયા સમાન બન્યુ છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાય

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૩૬૩ને પાર કરી ચુક્યો છે. આજે વધુ ૨૫ દર્દીઓને એક સાથે હોસ્પિટલમાંથી રજા અપાતાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૧૨૯ રહેવા પામી છે.

ગઈકાલ રાતથી વરસાદી માહૌલ વચ્ચે આજે પણ આખો દિવસ વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. આ કમોસમી વરસાદ અને બેવડી ઋતુના પગલે આવનાર દિવસોમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો થવાની પણ સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે ત્યારે આજે દાહોદ જિલ્લામાં ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓનો વધુ સમાવેશ થયો છે જેમાં આર.ટી.પી.સી.આર.ના ૨૭૨ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૧૩૮૦ પૈકી એક પણ કેસ નોંધાયા નથી માત્ર આર.ટી.પી.સી.આર.ના ૧૨ કેસ નોંધાયા છે જેમાં દાહોદ અર્બનમાંથી ૦૭, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧ અને લીમખેડામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી જીવ ગુમાવનાર દર્દીઓની કુલ સંખ્યા ૮૬ ઉપર પહોંચી છે.

## ધાનપુર કાળાખુંટ ગામે લાકડા કાપવા ગયેલ વ્યકિતને ચાર ઈસમો મારમારતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના કાળાખુંટ ગામે જંગલમાં લાકડા કાપવા ગયેલ કેટલાક વ્યક્તિઓને ચાર ઈસમોએ બેફામ ગાળો બોલી લાકડીઓ લઈ દોડી આવી ચાર જણાને લાકડી વડે તથા ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

કાળાખુંટ ગામે રહેતા મેસાબેન જાંબુભાઈ મીનામા તથા તેમના પરિવારજનો ગત તા.૩૦મી નવેમ્બરના રોજ નજીકના જંગલમાં લાકડા કાપવા માટે ગયા હતા. આ બાબતની જાણ ગામમાંજ રહેતા સવરાભાઈ બચુભાઈ મીનામા, મેરચંદભાઈ બચુભાઈ મીનામા, વરીયાભાઈ બચુભાઈ મીનામા અને કાનજીભાઈ વરસીંગભાઈ મીનામાને થતાં તેઓ લાકડીઓ હાથમાં ધારણ કરી મેસાબેન તરફ દોડી આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારા જંગલમાંથી તમો લોકો કેમ લાકડા કાપી લાવ્યા છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડીઓ વડે, વિપુલભાઈ, મેસાબેન, જાંબુભાઈ વિગેરેને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત મેસાબેન જાંબુભાઈ મીનામા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દેશમાં કોરોના કેસોમાં આંશિક ઘટાડો, ૨૪ કલાકમાં ૨૯,૩૯૮ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના સંક્રમણના કેસોમાં આંશિક ઘટાડો નોંધાયો છે. ૨૪ કલાકમાં કોરોનાના ૨૯,૩૯૮ પોઝિટિવ દર્દીઓ નોંધાતા કુલ આંકડો ૯૭,૯૬,૭૯૬ પર પહોંચ્યો છે. બીજીતરફ કોરોનાથી રિકવર થયેલા દર્દીઓને આંકડો ૯૨.૯૦ લાખ થતા રિકવરી રેટ ૯૪.૮૪ ટકા થયો છે. કોરોનાથી વધુ ૪૧૪ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૪૨,૧૮૬ થયો હતો. કોરોનાથી મૃત્યુનો દર વધીને ૧.૪૫ ટકા થયો હતો. સતત પાંચમા દિવસે કોરોનાના સક્રિય કેસો ૪ લાખ કરતા ઓછા નોંધાયા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ દેશમાં કોરોનાના સક્રિય કેસો ૩,૬૩,૭૪૯ રહ્યા હતા જે કુલ કેસ લોડના ૩.૭૧ ટકા થાય છે. દેશમાં ૭ ઓગસ્ટના સૌપ્રથમ વખત ૨૦ લાખને પાર થયા હતા, ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ જ્યારે ૨૦ નવેમ્બરના ૯૦ લાખ દર્દીઓ નોંધાયા હતા.

દેશમાં એક દિવસમાં વધુ ૪૧૪ દર્દીનાં મોત થયા હતા જે પૈકી મહારાષ્ટ્રમાં ૭૦, દિલ્હીમાં ૬૧, પશ્ચિમ બંગાળમાં ૪૯, પંજાબમાં ૨૭, હરિયાણા તેમજ કેરળમાં ૨૬-૨૬ અને ઉત્તર પ્રદેશમાં ૨૪નાં મોત થયા હતા.

# દે.બારીઆના દુધીયા ગામની પરણિતાને મારમારી દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

પોતાના ખેતરમાંથી બપોરના સમયે ઘાસનો ભારો લઈ નિર્જન રસ્તે પરત ઘરે આવી રહેલી દુધિયા ગામની ૨૨ વર્ષીય પરિણીત યુવતીને તેના જ ફળિયમાં રહેતા ૨૬ વર્ષીય યુવકે રસ્તામાં રોકી તેણીનો હાથ પકડી બે-ત્રણ મુક્કા મારી પાડી દઈ તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારી ધાક ધમકી આપ્યા બાદ બળાત્કારનો ભોગ બનેલ પીડિતાએ ઘરે આવી તેના પતિને આ વાત કરતા તેના પતિ તથા પરિવારજનોએ ફોન કરી કામાંધ યુવકને ઘરે બોલાવી માર મારતા આ સંદર્ભે બંને પક્ષો દ્વારા પોલીસમાં સામસામે ફરિયાદ કરાયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારિયા તાલુકાના દૂધિયા ગામના વેડ ફળિયામાં રહેતી ૨૨ વર્ષીય પરિણીત યુવતી ગત તારીખ ૫/૧૨/૨૦૨૦ ના રોજ પોતાના ખેતરમાં ઘાસ લેવા ગઈ હતી અને બપોરના ત્રણેક વાગ્યાના સુમારે ખેતરમાંથી ઘાસનો ભારો લઈ નિર્જન રસ્તે પરત ઘરે આવવા નીકળી હતી. તે દરમિયાન તેણીની એકલતાનો લાભ લઈ તેના ફળિયામાં રહેતા ૨૬ વર્ષીય શૈલેષભાઈ ઈશ્વરભાઈ બારીયાએ વગડાના નિર્જન રોડ પર રોકી તેણીનો હાથ પકડી બળજબરી કરવાનો પ્રયાસ કરતાં તેણીએ તે પ્રયાસનો મક્કમતાથી મુકાબલો કરી આ પ્રયાસને નિષ્ફળ બનાવતા ઉશ્કેરાયેલા શૈલેષભાઈ બારીયા તેને બે ત્રણ મુક્કા મારી રોડની સાઈડમાં લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો અને આ વાત તું કોઈને કરીશ તો તને અને તારા પતિને જાનથી મારી નાખીશ તેવું કહી ધાક ધમકી આપી નાસી ગયો હતો. જયારે બળાત્કારનો ભોગ બનેલ પીડિતાએ ઘરે જઈ પોતાના પતિ તથા ઘરના સૌને સદર ઘટનાની વાત કરતા પીડિતાના પતિ તથા ઘરના સૌ ઉશ્કેરાયા હતા અને શૈલેષભાઈ બારીયાને ફોન કરી બોલાવી પોતાના ઘરે લઈ આવી તું મારી પત્ની સાથે આડો સંબંધ ધરાવે છે. તેમ કહી પરિવારના એક મહિલા સહિત છ જણાએ વારાફરતી ગડદાપાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાંખવાની ધાકધમકી આપી હતી. આ સંબંધે બંને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ નોંધાવતા સાગટાળા પોલીસે આ સંદર્ભે બંને પક્ષના મળી કુલ એક મહિલા સહિત સાત જણા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લાના ડોકટરો સરકારના વિરોધમાં હડતાળ પર



દાહોદ,

ભારતના નિતી આયોગ તેમજ સીસીઆઈએમ દ્વારા હાલમાં એક ગેઝેટ બહાર પાડવામાં આવ્યુ છે. જેમાં હોમીયોપેથીક તેમજ આયુર્વેદિક તબીબોને કેટલીક શસ્ત્ર ક્રિયાઓ કરવાની છુટ મિકસોપેથીના નામે આપવામાં આવી છે. જેનો વિરોધ એલોપેથી તબીબી જગતમાં થઈ રહયો છે. તેના વિરોધમાં ૧૧ ડીસેમ્બરે દાહોદ જિલ્લાના ૨૦૦ તબીબો ૧૨ કલાક સુધી ઓપીડી થી અળગા રહીને વિરોધ કરશે. સેન્ટલ કાઈન્સીલ ઈન્ડીયન મેડીસીન અને નિતી આયોગ દ્વારા હાલમાં જ એક ગેઝેટ બહાર પાડવામાં આવ્યુ છે. જેમાં આયુર્વેદિક તબીબોને ૫૮ પ્રકારની શસ્ત્ર ક્રિયાઓ કરવાની પરવાનગી આપવામાં આવી છે. જેનો સમગ્ર ભારતના એલોપેથી તબીબો વિરોધ કરી રહયા છે. દાહોદ ઈન્ડીઅન મેડીકલ એસોસીએશન પણ સરકારના આ નિર્ણયના સંપૂર્ણ વિરોધમાં છે અને તેમના સંગઠનની જાહેરાત પ્રમાણે દાહોદ જિલ્લાના ૨૦૦ જેટલા એલોપેથી તબીબો તારીખ ૧૧ ડિસેમ્બરના રોજ સવારના ૬ થી સાંજના ૬ વાગ્યા સુધી કોઈ પણ પ્રકારના સામાન્ય દર્દીઓની સારવાર કરશે નહીં. લોકોને હાલાકી ન પડે તેના માટે માત્ર કોવિડ અને ઈમરજન્સી લગતી સારવાર જ કરવામાં આવશે તેમ આઈએમએના પ્રમુખ ડો.કેતન પટેલે જણાવ્યુ છે. આમ સરકાર એક તરફ ખેડૂતોના વિરોધના સામના કરી રહી છે તેવા સમયે જ તબીબી આલમે પણ સરકાર સામે બાંયો ચઢાવી છે ત્યારે જો આ જંગ આગળ ચાલશે તો કોરોના કાળમાં તેનો ભોગ લોકોએ બનવુ પડે તેવી સંભાવના છે માટે સરકારે તબીબોના સંગઠન સાથે વિમર્શ કરી વચલો માગ્ર કાઢવો જનઆરોગ્યના હિતમાં છે.

## દાહોદ નગરપાલિકાની મુદ્દત પુરી થતાં વહીવટદાર તરીકે COની નિમણુંક

દાહોદ,

દાહોદ નગરપાલિકાના વર્તમાન શાસકોની અવધિ સંપન્ન થતાં તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૦થી આશરે ત્રણ માસ માટે હવેથી દાહોદ નગરપાલિકાના વહીવટદાર તરીકે પાલિકાના મુખ્ય અધિકારીની નિયુકિત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ નગરપાલિકામાં આ અગાઉ અત્યાર સુધીમાં કુલ ૬ વખત વહીવટદારની નિયુકિત થઈ છે. અને હવે નગરના વહીવટ કાજે તા.૧૨/૧૨/૨૦૨૦ થી દાહોદ પાલિકામાં સાતમાં વહીવટદાર તરીકે દાહોદ પાલિકાના મુખ્ય અધિકારી નવનીતકુમાર પટેલની નિયુકિત જાહેર થાય તેવી માહિતી છે. આશરે ૧૩૫ વર્ષ અગાઉ સ્થપાયેલ દાહોદ નગરપાલિકામાં અગાઉના સમયે અપક્ષો, બાદમાં કોંગ્રેસ અને છેલ્લા અઢી દાયકાથી ભાજપાનુ શાસન ચાલી રહ્યુ છે. આ દરમિયાન તા.૨૭/૧૧/૧૯૯૨થી તા.૧૧/૦૧/૧૯૯૫ના સમયગાળા દરમિયાન આશરે લગલગાટ ૨૬ મહિના સુધી દાહોદ નગરપાલિકા વહીવટદારના હવાલે રહેવા પામી હતી. તે અત્યાર સુધીના એક કિર્તીમાન છે.

હવે જયારે કોરોનાનુ સંક્રમણ વ્યાપ્ત છે. ત્યારે રાજય સરકાર તરફથી નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ત્રણ માસ માટે સ્થગિત કરવામાં આવી છે. દાહોદ પાલિકાના વર્તમાન પ્રમુખ અભિષેક મેડાનો કાર્યકાળ તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ સમાપ્ત થયેલ છે. ત્યારબાદ આશરે ત્રણ મહિના સુધી દાહોદ નગરપાલિકામાં નવા વહીવટદાર તરીકે મુખ્ય અધિકારી જ નિયુકત થશે તે નિશ્રિત થઈ ગયુ છે.

## દે.બારીઆના મોટીઝરી ગામે સિંચાઈ માટેની યોજનાની મંજુરી અપાઈ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના મોટીઝરી ગામ ખાતે સિંચાઈની કોઈ સુવિધા વર્ષોથી ઉપ્લબ્ધ ન હતી જેના કારણે ગામના ખેડુતો શિયાળુ પાર લઈ શકતા ન હતા. માત્ર જેમના ખેતરમાં કુવો અથવા બોરસેટ હોય તેઓ શિયાળામાં ખેતી કરી શકતા હતા. જયારે બીજા ખેડુતોની જમીન પાણી વગર ચોમાસા સુધી સુકી પડી રહેતી હતી. આવા સંજોગોમાં ખેડુતોને સિંચાઈ માટે કોઈ યોજના ફાળવી સિંચાઈની માંગણીને પુરી કરવા મોટીઝરી ગામના આગેવાનો તથા સામાજિક કાર્યકર ભરતભાઈ પટેલે રાજયમંત્રી ખાબડને સિંચાઈની સુવિધા કરી આપવા માટે રજુઆત કરી હતી. જે પછી તેમણે મોટીઝરી ગામ અને નાનીઝરી ગામ વચ્ચેથી પસાર થતી ચંદ્રોઈ નદી ઉપર આ સુવિધા બનાવી આપવાની ખાતરી આપી નદીથી કેટલા અંતર સુધી ખેડુતોને પાણી પહોંચાડી શકાય તે માટે સર્વેની કામગીરી પણ કરાવી હતી. જેમાં ૧૨૫ જેટલા ખેડુતોના ખેતરમાં પાણીનુ સર્વે થયુ હતુ.

મોટીઝરી ચંદ્રોઈ નદી ઉપર બનાવેલ સિંચાઈ કુવા ઉપર લગભગ રૂ.૫૬ લાખના ખર્ચે આ યોજનાની કામગીરી કરાઈ છે.જયાં ચંદ્રોઈ નદીથી ખેડુતોના ખેતર સુધી પાઈપલાઈન નાંખી ૨૭ જેટલી કુંડી મુકવામાં આવી છે. ૧૨૫ જેટલા ખેડુતોની ૯ હેકટર જમીનમાં આજે પાણીની લાઈન આવતા ખેડુતો શિયાળામાં પણ ઘઉં, મકાઈ, બાજરી સહિત શાકભાજીની ખેતી કરી પોતાનુ જીવન ધોરણ ઉંચુ લાવ્યા છે. મોટીઝરી ગામમાંથી કેટલાંક લોકો બહાર ગામ મજુરી કામ કરવા જતા હતા તેઓ આજે ખેતીવાડીના કામમાં જોતરાઈ ગયા છે.રાજયમંત્ર ખાબડે જણાવ્યુ હતુ કે, વર્ષ-૨૦૨૧માં મોટાભાગના ગામડામાં ઉદ્દ્વહન સિંચાઈ યોજનાનુ પાણી દરેક ગામડાના ખેડુતોના ખેતર સુધી પહોંચી જશે. અને જેના કારણે ખેડુતો ખેતી કરી પોતાની આવક બમણી કરી શકશે.

## દે.બારીઆના ડાંગરિયા જંગલ વિસ્તારમાં અજાણ્યા વાહનની ટકકરે બાળ દિપડાનું મોત

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ડાંગરિયાના જંગલ વિસ્તારમાં કોઈ અજાણ્યા વાહનની ટક્કરે એક બાળ દિપડાનુ મોત થયુ હતુ. આ જંગલ વિસ્તારમાં આવેલા માર્ગ ઉપર ચાલકો પોતાના વાહન બેફામ રીતે હંકારતા હોવાથી અકસ્માતો સર્જાય છે. તેમાંય ખાસ કરીને રેતીની ગાડીઓ પુરપાટ દોડતી હોવાથી વન્ય પ્રાણીઓને જીવન ગુમાવવો પડે છે. પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ-પીપલોદ હાઈવે પર આવેલ ડાંગરિયા જંગલ વિસ્તાર સહિત તાલુકાના જંગલ વિસ્તારમાં વાહનો ધીમા ચાલતા નથી જેના કારણે કોઈ અજાણ્યા વાહન દ્વારા એક દિપડાના બચ્ચાનુ મોત નીપજ્યું હતુ. અંતિમવિધિ પોસ્ટમોર્ટમ કરાયા બાદ ફોરેસ્ટ ખાતા દ્વારા કરવામાં આવી હતી.

## ગરબાડાના દેવધા ગામે ઝાડ પડતા વાહન વ્યવહાર ખોરવાયો

ગરબાડા,

દાહોદ ગરબાડા રોડ પર દેવધા નજીક ઝાડ રસ્તા વચ્ચે પડતા વાહન વ્યવહાર ખોરવાયું. ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે એક તરફ શહેર સહીત જિલ્લામાં વરસાદી માહોલ જામતા હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો છે. જેના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયો છે. ત્યારે દાહોદ ગરબાડા રોડ પર દેવધા ગામે ઝાડ રસ્તા પર ધરાશાયી થતાં વાહન વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો છે. જેના પગલે રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા રોડ પર વાહનોની લાંબી કતાર જોવા મળી રહી છે.

## દે.બારીઆમાં કમોસમી વરસાદથી ખેડુતો ચિંતાતુર

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં આજુબાજુના ગ્રામ્યમાં કમોસમી વરસાદ ૧૦/૧૨/૨૦૨૦ ગુરુવારના સાંજે ૭-૪૫ કલાકે થી કમોસમી વરસાદ શરૂ થયું હતું. પથારાવાળી તથા ખાસ કરીને ખેડુતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગુરૂવારે સાંજે લગભગ ૭-૪૫ કલાકે વરસાદના અમી છાંટા થતા શુક્વારના વેપારીઓ જેઓ પથારા નાખીને વેપાર કરતા હોય છે. જેમાં શાકભાજી, કરીયાણા, મરી-મસાલા, રેડીમેડ કપડાના પથારાવાળામાં દોડધામ મચી જવા પામી હતી. આમ રાત ઝરમર ઝરમર વરસાદ પડતા સવાર અને સાંજે ૧૧/૧૨/૨૦૨૦ શુક્વારની સાંજ સુધી વાદળ છવાયા વાતાવરણ જોવા મળ્યું હતું. થોડી થોડીવારમાં વરસાદના અમી છાંટા પડતા હાત. જેમાં ખેડુતોની ઘાસચારો પલળી જવાનો ભય છે. તેમજ તુવેરફળીમાં જીવાત પડી જશે. જ્યારે ડાંગરનો પાક તત્પર છે. જેને લઈને અનાજ ગોડાઉનમાં વેચાણ માટે આવે છે. તેને કઈરીતે સાચવવો તે મૂંઝવણમાં ખેડુતો હતા એક દિવસ લેટ પડે તો ટેકાના ભાગમાં ઘટાડો પડી જાય તે પણ દેખવાનું હોય કમોસમી વરસાદથી જગતના તાતને જ નુકશાન છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 94

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગત રાત્રીથી જિલ્લામાં શરૂ થયેલ ધીમીધારે વરસાદે શુક્રવારની બપોરે વિરામ લીધો

# પંચમહાલ જીલ્લામાં ભરશિયાળામાં કમોસમી વરસાદથી ખેડુતો ચિંતીત



- એકાએક વરસાદી ઝાપટા એ શરૂ થઈને બીજા દિવસ સુધી ચાલુ રહેતા લોકોને આશ્ચર્ય.
- દિવસે ગરમી રાત્રે ઠંડી બાદ અચાનક ચોમાસાનો પણ લોકો એ અનુભવ કર્યો.
- આગામી સમયમાં પલટાયેલ ઋતુથી વધુ ઠંડીનું જોર વધવાની શકયતા.
- અચાનક વરસાદના પગલે તુવેર, કપાસ, ઘઉંના પાકને નુકશાન.
- સુકુ ઘાસ તથા ખુલી જગ્યામાં પડેલા અનાજને નુકશાન પહોંચતા ખેડુતોની માઠી દશા.
- આગામી સમયમાં સૂકા ઘાસની તંગી વર્તાવાની સાથે ઘાસ મોંઘું બનવાની ભીંતી.
- ઠેરઠેર માર્ગો ઉપર પાણીના ખાબોચીયા ભરાવા સાથે કાદવ-કીચડના દ્રશ્યો.

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં દિવસ દરમ્યાન ગરમી અને રાત્રે ઠંડી વચ્ચે ભરશિયાળામાં અચાનક ગત રાત્રીથી કમોસમી વરસાદ ઝરમર ઝરમર વરસતા દિવસ દરમ્યાન પણ જારી રહ્યો હતો. કમોસમી વરસાદને લઈને ખેડુતોમાં તુવેર તથા ઘાસચારાને નુકશાન પહોંચવાની ચિંતા વચ્ચે દોડધામ મચી ગઈ હતી. વરસાદના પગલે ઠેરઠેર રસ્તાઓ ઉપર કાદવ કીચડનું દ્રશ્યો સર્જાયા હતા. તો બીજી તરફ કમોસમી વરસાદને લઈને ઠંડી એ જોર પકડતા લોકોને ગરમ વસ્તુમાં કેદ રહેવાનો વારો આવ્યો હતો.

હાલમાં ડિસેમ્બર માસ મધ્યમાં પહોંચવાની સાથે ધીરેધીરે પંચમહાલ જીલ્લામાં શિયાળો આગળ ધપી રહેવાની સાથે લોકો ઠંડીમય ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. વરસાદી ખેતી પર આધારીત જીલ્લાના વિવિધ વિસ્તારોના ખેડુતો દ્વારા ખરીફ ડાંગર સહિતના પાકોને દિવાળીની આસપાસ કાપણી કરવા સાથે ધીરેધીરે રવિ પાકનું વાવેતર કરવાનું આયોજન હાથ ધરીને તુવેર, મકાઈ તથા ઘઉં જેવા અન્ય પાકો ખેતરોમાં વાવેતર તરફ ખેડુતો સજજ બનીને વળયા છે. હવે અગામી દિવસોમાં પહેલું પિયતની જરૂરીયાત પડશે. પરંતુ એકાએક જીલ્લામાં ગત ગુરૂવારની રાત્રીથી વાતાવરણમાં પલ્ટો આવીને આકાશમાંથી ચાંદ તારા ગાયબ થઈને જોતજોતામાં ધીમીધારે ઝરમર ઝરમર ઝાપટા પડવાની શરૂઆત થઈ હતી. હાલમાં શિયાળો ચાલી રહ્યો છે. તેવા સમયે અચાનક છાંટા પડવાની શરૂઆતને લઈને બજારમાં કામઅર્થે નિકળેલા લોકોમાં દોડધામ સાથે આશ્ચર્ય વ્યાપ્યું હતું. પરંતુ ગત રાત્રીના દશ વાગ્યાથી શરૂ થઈને કમોસમી ઝાપટા ધીમીધારે વરસવાના સતત ચાલુ રાખીને શુક્રવારના બપોર બાદ પોરો ખાધો થતો હતો. આ વરસાદને લઈને માર્ગો ભીંજાઈ જવાની સાથે કેટલાક સ્થળો એ પાણી ભરાવા ઉપરાંત કાદવ કીચડનું નિર્માણ થતા આવતા જતા રાહદારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. જ્યારે વરસાદની શરૂઆત સાથે સતત બીજી દિવસે પણ ઝાપટા ચાલુ રહેતા ખેડુતોમાં આશ્ચર્ય સાથે ચિંતા વ્યાપી ગઈ હતી. કારણ કે ડાંગરની કાપણી બાદ કેટલાક સ્થળો એ ડાંગરના જથ્થા તથા સૂકું ઘાસ ખુલી જગ્યામાં રહેવાના કારણે રાતોરાત સુરક્ષીત જગ્યાએ ખસેડવાની કવાયત હાથ ધરવી પડી હતી. ખાસ કરીને આજની મોંઘવારીમાં પોતાના પશુઓને બચાવવા માટે સૂકુ ઘાસનું નુકશાન પહોંચતા અગામી સમયમાં પુનઃ ખરીદવાનો વારો આવ્યો હતો. અને સૂકુ ઘાસ મોંઘુ થવાની તંગી વર્તવાની શકયતાઓને નકારી શકાય તેમ નથી. અચાનક વાતાવરણમાં પલ્ટો આવતાં ખેતરોમાં વાવેતર થયેલા ઘઉં, મકાઈને પાણીના કારણે કોહવારો લાગવાની શકયતાઓ સેવાઈ રહી છે. જ્યારે હાલમાં કેટલાક સ્થળો એ ખેતરોમાં તુવેરના તૈયાર પાકો ઉભા છે. તેવા સમયે ભેજના કારણે જીવાતોનો ઉપદ્રવ થઈને ઉતારો નહીંવત આવવાની પણ ચિંતા ખેડુતોને સતાવતા ખેડુતોને નુકશાન જનક કમોસમી વરસાદ રહ્યો હતો. છેવટે શુક્રવારે કમોસમી વરસાદી છાંટા એ વિરામ લેતા ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો. હાલના ભરશિયાળામાં કમોસમી વરસાદને લઈને પ્રજામાં આશ્ચર્ય સાથે ખેડુતોને ઘાસચારા તથા તુવેર જેવા પાકને નુકશાન પહોંચાડયું છે. બપોરે ગરમીને લઈને પંખા ધમધમે છે. અને રાત્રીના સમયે ઠંડી અનુભવાય છે. તેવા સમયે અચાનક વાતાવરણમાં પલ્ટો આવીને કમોસમી ઝાપટા વરસતા વાતાવરણમાં વધુ ઠંડકતા પ્રસરીને ચોમાસા જેવો માહોલ સર્જાતા આગામી સમયમાં ઠંડીનું જોર વધે તો નવાઈ નહીં.


## તાલુકા દીઠ નોંધાયેલ કમોસમી વરસાદ

જીલ્લામાં ગત રાત્રિથી જીલ્લામાં વરસી રહ્યો છે. ધીમીધારે વરસાદ્દના પગલે જિલ્લાના તમામ ૭ તાલુકાઓમાં વરસી રહ્યો છે. કમોસમી વરસાદ્દને લઈને જીલ્લામાં ખેડુતોમાં ચિંતાની લાગણી વ્યાપી છે. જેમાં આજે સવારે ક વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ગોધરામાં -૩ એમ.એમ, કાલોલમાં -૪ એમ.એમ, હાલોલમાં -૯ એમ.એમ, શહેરામાં- ૯ એમ. એમ, મોરવા હડફમાં-૩ એમ.એમ, ઘોઘંબામાં -૨ એમ.એમ, જાંબુઘોડામાં -૪ એમ.એમ કમોસમી વરસાદ નોંધાયો હતો.

## જીલ્લામાં વિવિધ પાકોનું વાવેતર

પંચમહાલ જીલ્લામાં રવિ પાકોનું વાવેતર આગળ ધપી રહ્યું છે. જેમાં ઘઉં, જુવાર, મકાઈ, તુવેર, ચણા, તમાકું તથા શાકભાજી સહિત પાકોનો સમાવેશ થાય છે. છેલી માહિતી મળ્યા અનુસાર ઘોઘંબા તાલુકામાં ૪૩૯૭ હે., ગોધરામાં તાલુકામાં ૧૪૦૦૦ હે., હાલોલ તાલુકામાં ૭૦૦૦ હે., જાંબુઘોડા તાલુકામાં ૮૦૦ હે., કાલોલ તાલુકામાં ૩૦૦૦ હે., મોરવા તાલુકામાં ૭૦૦ હે., શહેરા તાલુકામાં ૪૦૦૦ હે.માં ખેડુતો ઉત્સાહભેર ખેતીકામમાં જોતરાઈને વાવેતર કરી રહ્યા છે. તબકકાવાર આગામી સમયમાં વિવિધ વિસ્તારમાં ખેડુતો ધીરેધીરે પોતાનું વાવેતર વધારીને ઉત્પાદન હેઠળ આવક મેળવવાના પ્રયાસો હાથ ધરાશે.

## પાવાગઢમાં વરસાદી માહોલથી દર્શનાર્થીઓ ધ્રુજીયા


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ


પાવાગઢ ખાતે પણ થયો વરસાદ પડયો હતો. અચાનક વરસાદ થવાના કારણે આસપાસના વાતાવરણમાં પણ આહલાદક્તા છવાઈ ગઈ હતી. ડુંગર ઉપર વરસાદ થતાં વાતાવરણ બદલાવાની સાથે વરસાદ પડતાં દાદર પરથી પાણી પડતા દ્રશ્યો આવ્યા સામે આવ્યા હતા અને દિવસ દરમ્યાન પગથીયા ઉપર થઈ વરસાદ વરસી રહ્યો હતો. તો બીજી તરફ અચાનક કમોસમી વરસાદ થવાના પગલે ડુંગર પર અંધારપટ છવાઈ ગયો હતો. જેના પગલે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

## વેજલપુરમાં છાંટાથી ઠેરઠેર ગંદકી


તસ્વીર : નુર બાલા, વેજલપુર


વેજલપુર ગામના લઘુમતી વિસ્તાર મોટા મોહલ્લાની પાણીની પાઈપ લાઈન ગટર લાઈન અને સીસી રોડની ગ્રાન્ટ હોવા છતા વરસાદ શરૂ થતાં લોકોને કાદવ કીચડ જેવી ગંદકી વેઠવાનો વારો થયો હતો. મેન બજાર હોળી ચકલા થી લઈને ચોળા સુધી અને ગામમાં અનેક જગ્યાએ ગંદકી થઈ હતી. જેથી અનેક રાહદારીઓને જવા આવવા માટે ઘણી મુશ્કેલીઓ પડતાં ગામ નો વિકાસ સાચી દિશામાં ક્યારે ક્યારે થશે કે પછી આજ રીતે લોકોને મુશ્કેલીઓ વેઠવી પડશે તે જોવાનું રહ્યું.

## ઘોઘંબામાં વાતવરણમાં પલ્ટાથી ઠંડીનું જોર


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

અન્ય વિસ્તારોની માફક ઘોઘંબામાં પણ કમોસમી વરસાદના પગલે ઠેર-ઠેર પાણી ભરાયા હતા. તો બીજી તરફ અચાનક કમોસમી વરસાદના પગલે વાતાવરણમાં પલ્ટો થતાં ઠંડીનું જોર વધ્યુ હતું. વરસાદના લીધે લોકોને ગરમી, ઠંડી અને ચોમાસાનો અનુભવ દિવસ દરમ્યાન થયો હતો.

## શહેરામાં વરસાદને લઈ લોકોની અવર-જવર નહીવત


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં ભરશિયાળે અષાઢી માહોલ સર્જાતા જગતનો તાત ચિંતાતુર થયો હતો. વહેલી સવારથી શરૂ થયેલ કમોસમી વરસાદ દિવસ દરમિયાન રહેતા લોકોએ રેઈનકોટ અને છત્રીનો સહારો લેવાની ફરજ પડી હતી. બીજી તરફ શહેરાના બજારોમાં ખરીદારોને અવર-જવર નહીવત બની હતી.

## ગોધરા બામરોલી રોડ ગીતા નગર સોસાયટીના ૩૫ જેટલા મકાનમાં પીવાના પાણીનો પુરવઠો મળતો ન હોવાની રજુઆત

ગોધરા,
ગોધરા શહેર બામરોલી રોડ ઉપર આવેલ ગીતાનગર સોસાયટીના ૩૫ જેટલા મકાનોમાં પીવાના પાણીનો પુરવઠો ગણતરીના સમય માટે મળી રહ્યો પાણીની સમસ્યાનો સામનો કરતાં લોકોમાં રોષની લાગણી વ્યાપેલી છે.

ગોધરા શહેરના બામરોલી રોડ ઉપર આવેલ ગીતાનગર સોસાયટીના રહીશોને ૬૦ થી ૧૦૪ સુધીના મકાનમાં છેલા લાંબા સમયથી પીવાના પાણીનો પુરવઠો ગણતરીના સમય પુરતો મળી રહ્યો છે. સોસાયટીના ૩૫ જેટલા મકાનોમાં રહેતા રહીશોને પીવાના પાણીની ભરશિયાળામાં સોસાયટીના રહીશો પીવાના પાણીની સમસ્યાનો ભોગ બની રહ્યા છે. ત્યારે રહીશોને અવારનવાર ઉનાળાની સીઝનમાં પાણીની સમસ્યાનો સામનો કરવો ન પડે

- નવી પાઈપ લાઈન નાખવામાં આવ્યા બાદ સમસ્યા ઉદ્ભવી છે.
- મકાન નં.૬૦ થી ૧૦૪ સુધીના લાઈના રહીશો પરેશાન.
- અવારનવાર રજુઆત કરવા છતાં નઘરોડ પાલિકા ભરનિંદ્રામાં.
- પાલિકાના પાપે લાંબા સમયથી પાણીની સમસ્યાનો સામનો કરતાં લોકો.

છે. પાણીની સમસ્યા ધરાવતા રહીશો દ્વારા પાલિકામાં અવારનવાર રજુઆત કરવા છતાં પીવાના પાણીની સમસ્યા ઉકેલવામાં આવતી ન હોય ત્યારે પીવાના પાણીની સમસ્યાને લઈ પરેશાન રહીશો એ પીવાના પાણી માટે પાલિકા તંત્ર ઘટતું કરે તેવી માંગ કરી રહ્યા છે. લોકો આક્ષેપ સાથે જણાવી રહ્યા છે કે અવારનવાર રજુઆત કરવા છતાં નઘરોડ પાલિકા ભરનિંદ્રામાં પોઢેલી જોવા મળે છે. જેના પગલે પાલિકાના પાપે લાંબા સમયથી ભુર્ગભ ગટર લાઈન માટે કરવામાં આવેલ ખોદકામ પહેલા પીવાના પાણીનો પુરવઠો નિયમિત મળતો હતો. પરંતુ ગીતાનગર સોસાયટીમાં ભુગર્ભ ગટર લાઈન ખોદકામ દરમ્યાન કેટલાક પાણીની લાઈનો લીક થઈ હોય તેમ પાઈપો જુની થઈ ગયેલ છે. તેમ જણાવીને પાણીની પાઈપ લાઈનો બદલવામાં આવી હતી. પીવાના પાણીની નવી પાઈપ લાઈન નાખવામાં આવી હતી. બાદમાં ગીતાનગર સોસાયટીની પાછળની ત્રણ લાઈન ઘર નંબર– ૬૦ થી ૧૦૪ સમસ્યાને લઈ અવારનવાર પાલિકા સભ્યોને રજુઆત કરી હતી. તેમ છતાં કોઈ નિકાલ થયેલ નથી. ગીતાનગર સોસાયટીના મકાન નંબર ૬૦ થી ૧૦૪ સુધીના મકાન ધરાવતા રહીશો નિયમિત પાલિકાના વેરો ભરવા ભરતા હોવા છતાં પાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી પ્રાથમિક સુવિધાના પ્રશ્નને ઉકેલવામાં આવતો ન હોય જેને લઈ સોસાયટીના પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. હાલ તેનું ધ્યાન પાલિકા તંત્ર રાખે તે જરૂરી છે.

## ગોધરા દિશા પેથોલોજી લેબોરેટરીનો કોવિડ-૧૯ ના રીપોર્ટમાં બેદરકારી : આરોગ્ય વિભાગ દ્વારા નોટીસ અપાઈ

ગોધરા,
પંચમહાલ જિલ્લા આરોગ્ય શાખા ના મુખ્ય અધિકારી દ્વારા ગોધરા શહેરની દિશા પેથોલોજી લેબોરેટરી ને કોવિડ ૧૯ ના રિપોર્ટ માં ગફલત અને બેદરકારી બદલ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી.અને જો લેબોરેટરી ના સંચાલકો દિન બે માં લેખિત ખુલાસો નહીં આપે તો આગળની કાર્યવાહી ની પણ જાણ લેબોરેટરી સંચાલકો ને કરવામાં આવી.

ગોધરા શહેર માં આવેલી દિશા પેથોલોજી લેબીરેટરી ને કોવિડ ૧૯ લેબ ટેસ્ટ ના પરિણામ માં ભૂલ બદલ પંચમહાલ જિલ્લા આરોગ્ય શાખા ના મુખ્ય અધિકારી એ કારણ દર્શક નોટિસ પાઠવતા જણાવ્યું હતું કે આપનું સેન્ટર દિશા પેથોલોજી લેબોરેટરી ગોધરા એ કોવિડ ૧૯ ના ટેસ્ટિંગ માટે પંચમહાલ જિલ્લામાં જિનએક્ષપ્લોરર ડાયગનોસ્ટીક એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદના કલેકશન સેન્ટર તરીકે માન્યતા પ્રાપ્ત કરી છે. જેમાં તા.૭/૧૨/૨૦૨૦ ના રોજ કોવિડ ૧૯ ના પરીક્ષણ માટે સેમ્પલ કલેકશન કરવામાં આવ્યું હતું.જેનું પરિણામ તા.૮/૧૨/૨૦૨૦ ના રોજ આપ્યું હતું. જેમાં આવેલા ઈ મેઈલ મુજબ કોવિડ ૧૯ ના આવેલા પરિણામ માં ડેટા એન્ટ્રી ની ભૂલ ન કારણે દર્દી ના પરિણામ માં ખોટા હોવા ની જાણ થવા પામી છે.ડેટા એન્ટ્રીની ભૂલના કારણે દર્દીના પરિણામ બદલાઈ ગયા છે એટલે કે પોઝીટીવ ના નેગેટિવ અને નેગેટિવ ના પોઝીટીવ થયા છે. જે ગંભીર બાબત ગણી શકાય.જેથી આ ગંભીર ભૂલના કારણે દિશા પેથોલોજી લેબીરેટરી ને કારણ દર્શક નોટિસ પાઠવતા દિન ૨ માં લેખિત ખુલાસો આપવાની જાણ કરવામાં આવી છે અને જો આપેલી સમય મર્યાદા માં ખુલાસો નહીં આપે તો આગળની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરાશે.

## પંચમહાલના ૮ પો.સ.ઈ.ની આંતરીક બદલી

ગોધરા,
પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જીલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવત પો.સ.ઈ.ઓની આંતરીક બદલી કરવામાં આવી. પંચમહાલ જીલ્લા પોલીસવડા લીના પાટીલ દ્વારા જીલ્લાના વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા હોય પો.સ.ઈ.ની આંતરીક બદલી કરવામાં આવી છે. જેમાં હાલોલ ટાઉનમાં ફરજ બજાવતા પો.સ.ઈ. જે.એન. ગઢવીને જીલ્લા ટ્રાફિક શાખામાં બદલી કરવામાં આવી. વેજલપુર પોલીસ મથકના પો.સ.ઈ. એન.એમ. રાવત ગોધરા બી ડીવીઝન, ગોરા એ ડીવીઝન પો.સ.ઈ. ડી.જી.વહોનીયાની હાલોલ ટાઉન, ગોધરા બી ડીવીઝન પો.સ.ઈ. એસ.એસ. કામોલની કાલોલ પોલીસ મથક, ગોધરા બી ડીવીઝન એમ.આર.ભલગરીયાની વેજલપુર પોલીસ મથક, રીડર શાખા પો.સ.ઈ. આર.ટી.પરમારની ગોધરા એ ડીવીઝન, જીલ્લા ટ્રાફિક શાખાના પો.સ.ઈ. એન.આર.રાઠોડનીન ગોધરા બી ડીવીઝન, લીવ રીઝર્વ પો.સ.ઈ. ડી.એમ. મછારની ગોધરા એલ.સી.બી. શાખામાં બદલી કરવામાં આવી છે. જીલ્લામાં પોલીસ વડા દ્વારા કરવામાં આવેલ આંતરીક બદલીથી કહી ખુશી કહી ગમ જોવા મળ્યો છે.

## પંચમહાલમાં ૩ કોરોના પોઝીટીવ કેસ

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૩ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૪૪૯ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં હાલોલ–૦૨, કાલોલ–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૯૧.
- મૃત્યુ આંક - ૧૨૩.